ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના જયોતિષ ભટ્ટ અમિતાભના ડાય હાર્ડ ફેન

**અમિતાભનુ બેમિશાલ હોટ ફેવરીટ મુવી : થિયેટર સાથેનો આ નાતો અમિતાભને આભારી : લાવારીસ , ત્રિશુલ અને દિવાર જેવા ફિલ્મો જોવાથી ડિપ્રેશનના દર્દીમાં પણ એનર્જી આવી જાય : અમિતાભને મળ્યા બાદ કોઇ ઇચ્છા જ રહી નથી : જયોતિષ ભટ્ટ**

ખાસ મુલાકાત - ધનંજય જોષી

ગાંધીનગર તા ૧૦

અમિતાભના ડાય હાર્ડ ફેન જયોતિષ ભટ્ટ ફિલ્મી જગતના સદાબહાર શ્રોતા છે. ફિલ્મ કોઈપણ હોય ફર્સ્ટ ડે .. ફર્સ્ટ શો.. નહીં.. પરંતુ લાસ્ટ શો માં જોવાનુ જ પસંદ છે. ફિલ્મો સાથે તેમનો અજબનો નાતો અને ગજબનો શોખ છે. એમાંય અમિતાભની ફિલ્મ હોય તો વાત જ અલગ છે.. તેમના મતે અમિતાભની ફિલ્મો જોયા બાદ હતાશા દુર થાય છે. છેલ્લા ચાર દાયકામાં અત્યાર સુધી તેમણે ૮ હજાર જેટલી ફિલ્મો ફિલ્મ રીલીઝ થયાના પ્રથમ દિવસે છેલ્લા શો માં જોવાનો અનોખો રેકર્ડ હાંસલ કર્યો છે. બોક્સ ઓફિસ પર કોઈ ફિલ્મ હીટ થાય કે નહી પરંતુ તેમના આ અનોખા શોખને નિભાવવા તેઓ કમિટેડ છે. પરંતુ અત્યારની ફિલ્મોની સ્ટોરી તેમજ આનુસંગિક ગીતો તેમને સંતોષ આપતા નથી તે વાતનો અફસોસ પણ તેમને છે.



એડિશ્નલ કલેકટર તરીકે નિવૃત થયા બાદ હાલ ગુજરાત રાજય સંગીત નાટય અકાદમીમાં મેમ્બર સેક્રેટરી તરીકે સેવા આપતા ગાંધીનગરના અગ્રણી જયોતિષ મધુભાઈ ભટ્ટ સિનેજગતના સદાબહાર શ્રોતા પણ છે. ફીલ્મ કોઈપણ હોય ...ફર્સ્ટ ડે.. નાઈટ શો.. મુવી જોવાનુ એટલે જોવાનુ જ..ફીલ્મ જોવાનો આ સિલસિલો તેમના જીવનમાં છેલ્લા ૪૦ વર્ષથી કાયમ થયો છે. અમિતાભના ડાય હાર્ડ ફેન જયોતિષ ભટ્ટનો આ બેમિશાલ શોખ છે. જયારે તેમનુ સૌથી મનગમતુ મુવી પણ બેમિશાલ છે. અમિતાભના ફીલ્મો જોવાથી ડિપ્રેશન દુર થાય છે તેમ પણ તેઓ અનુભવી રહ્યા છે.એટલુ જ નહીં હતાશ વ્યકિતને પણ અમિતજીના મુવી બતાવવામાં આવે તો અનોખો તરવરાટ આવી જાય તેમ પણ તેઓ મક્કમ રીતે માને છે. તેમણે ચાર દાયકામાં અંદાજિત ૮ હજાર જેટલી ફીલ્મો બિગસ્ક્રીન પર જોઈ છે. નવી રીલીઝ થતી કોઈપણ ફિલ્મનો રીવ્યુ પ્રકાશમાં આવે તે પહેલા જ આ મુવી જોવાની મજા આવે છે. તેમના મતે ધ્વનિતે કીધુ એટલે ફાઈનલ નહી.. કોઈપણ રીવ્યુને કાને ધર્યા વિના ફર્સ્ટ શો માં જ મુવી જોઈ લેવાની મજા કાંઈક અલગ છે. થિયેટરમાં દર શુક્રવારે પહેલા કે છેલ્લા શો માં ફિલ્મ જોવાનો સિલસિલો આજે પણ યથાવત છે. શરૂઆતમાં કોલેજના મિત્રો સાથે ફિલ્મો જોવા જતા હતા ત્યારબાદ તેમના પત્ની સંગીતાબેન પણ પ્રથમ હરોળના ફીલ્મી શ્રોતાની શ્રેણીમાં જોડાયા છે. એટલુ જ નહીં પરંતુ દરરોજ ઘરે પણ સિરીયલની જેમ એક કલાક અમિતાભનુ પિકચર જોઈને જ સુવે છે. તેમના જણાંવ્યા મુજબ અમિતાભના લીધે જ તેમને આ ફિલ્મો જોવાનો શોખ જાગ્યો છે. તેમના ફેવરીટ મુવીમાં બેમિશાલ, લાવારીસ, દિવાર,ત્રિશુલ તેમજ લેટેસ્ટ મુવીમાં રોક સ્ટારનો સમાવેશ થાય છે.ફીલ્મો જોવાના આ શોખની શરૂઆત થઈ તે અંગે વાત કરતા તેમણે જણાંવ્યુ હતુ કે કોલેજકાળમાં મિત્રો સાથે ફિલ્મો જોવા જતા હતા ત્યારે પેથાપુરની રૂપરાજ સિનેમા અને શાલીમારમાં માત્ર ૧ અને ૨ રૂપિયામાં ટીકીટ મળતી હતી.

● અનુસંધાન પાન-૭ પર

**સિનેજગતના સદાબહાર શ્રોતાની છેલ્લા ૪૦ વર્ષથી બોકસ ઓફિસ પર નોટ આઉટ ઈનિંગ્સ : ફિલ્મ કોઈપણ હોય ફર્સ્ટ ડે નાઈટ શો માં થિયેટર જવાનો સિલસિલો કાયમ : અત્યાર સુધીમાં ૮ હજાર ફિલ્મો જોવાનો રેકર્ડ**

## રીટાબેન પટેલની મેયર તરીકેની વરણીનો માર્ગ મોકળો બન્યો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરના કાનૂની વિવાદમાં બંધ કવરમાં રહેલા પૂર્વ મેયર પ્રવિણ પટેલના મતનું કોઈ મહત્વ તેમના રાજીનામા પછી રહેતુ નથી તેમ જણાવી નવા મેયર તરીકે રીટાબેન પટેલની વરણીનો માર્ગ મોકળો થયો છે. આજે રાજ્યની વડી અદાલતે આપેલા ચુકાદામાં પૂર્વ મેયર પ્રવિણ પટેલે હોદ્દા પરથી આપેલ રાજીનામાને પગલે પક્ષાંતરના મુદ્દે કોઈ જ ચુકાદો આપવાનું ટાળી દઈ અને પ્રવિણ પટેલને ક્લીનચીટ પણ આપી છે.

વડી અદાલતે ચૂંટણી પ્રક્રિયાને પડકારતી અરજી પરની સુનાવણી પણ તા. ૧૧મી એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે તેમ જાહેર કર્યુ છે.

વડી અદાલતે બંધ કવરને લઈ આપેલ ચુકાદાને પગલે મેયર તરીકે રીટાબેન પટેલનો માર્ગ મોકળો થયો હોવાની વાતો આજે સાંજે ટોક ઓફ ધ ટાઉન બની છે. રીટાબેન પટેલ હવે વિધિવત્ રીતે ચાર્જ ક્યારે સંભાળશે તે અંગે પણ ચર્ચાઓ શરૂ થઈ છે.

## હિટવેવની ગાઈડલાઈનમાં સુધારાઓ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટે સુચવ્યા

ગાંધીનગર, તા. ૧૦

હિટવેવથી બચવા માટેના પગલાં અંગેનો એક્શન પ્લાન અલગથી બનાવવા માટે કેન્દ્રની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીએ આગ્રહ કરી અને તેની ગાઈડલાઈનમાં કરાયેલ સુધારાને સામેલ કરવામાં આવે તેમ જણાવ્યુ છે. માર્ચ-જુન-૨૦૧૫માં દેશની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીએ નવ રાજ્યોમાં દેખાયેલા હિટવેવ પછી કેન્દ્ર સરકારે આ અંગે માર્ગદર્શિકા જાહેર કરી હતી. ૨૦૧૫માં હિટવેવને કારણે બે હજાર લોકોના મોત થયા હતા આ પછી તેના અમલીકરણને લઈ સતત ઘટાડો માનવ મૃત્યુમાં થયો છે.

તાજેતરમાં ગ્લોબલ વોર્મિંગના પગલે રાજ્યોમાં હિટવેવ આકરો થવાની સંભાવનાઓ વૈજ્ઞાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ૧.૫૦થી ૨ ડિગ્રી જેટલો તાપમાનમાં વધારો થવાનો ભય વ્યક્ત કરાયો છે. આ રિપોર્ટ રાજ્યોની પરામર્શ પેનલમાં પણ ચર્ચાયો હતો અને માર્ગદર્શિકામાં જરૂરી સુધારાઓ સૂચવ્યા છે.

આ માટે જિલ્લાઓને જરૂરી પગલાંઓ લઈ હિટવેવ એક્શન પ્લાન તૈયાર કરવા માટેની સૂચનાઓ રાજયના આરોગ્ય વિભાગે પણ જારી કરી છે.



સ્માર્ટ સિટીની શરમ કથા - સ્વચ્છ ગાંધીનગર - સ્વસ્થ ગાંધીનગરના સૂત્રના લીરેલીરા ઉડાડતી આ તસવીર ગાંધીનગરની શરમકથા બની રહી છે... શહેરના હાર્દસમા સેન્ટ્રલ વિસ્ટા પાસે ઉભી રહેતી ખાણી-પીણીની લારીઓ દ્વારા થતી ગંદકી પર કોઈ નિયંત્રણ હોય એમ લાગતું નથી... લારી ધારકો મન ફાવે ત્યાં ગંદકી ઠાલવે છે... અને શહેરના સ્વાસ્થ્ય સામે પડકાર ઉભો કરે છે... સત્તા તંત્ર તાકિદે પગલા લે... શહેરમાં થતી ગંદકીને તોબડતોબ અટકાવે નહિ તો ઉનાળાની આકરી ગરમીમાં રોગચાળો ફાટી નિકળશે... એક તરફ તંત્ર દ્વારા શહેરને સ્માર્ટ સિટી બનાવવા તનતોડ પ્રયાસો કરાઈ રહ્યા છે તો બીજી તરફ ખાણી-પીણીની લારીઓવાળા જાણે સ્માર્ટસિટીના આ પ્રયાસો પર પાણી ફેરવતા હોય એમ લાગે છે...

# ગાંધીનગરના ઉમેદવારો ૧૨મીએ પ્રથમ હિસાબ રજુ કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર બેઠકના ઉમેદવારો દ્વારા તા. ૧૨મીના રોજ તેમના હિસાબો રજુ કરવાના રહેશે.

તંત્ર દ્વારા ૧૨, ૧૬ અને ૨૧ એપ્રિલ એ ચૂંટણીના હિસાબો રજુ કરવા માટે નિયત કરવામાં આવેલ છે. ૮મી એપ્રિલે ઉમેદવારી અંગેનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ તંત્ર દ્વારા આ દિવસો નિયત કરાયા હતા અને તેની જાણકારી ઉમેદવારોને પણ આપવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ ઉમેદવારો દ્વારા સવારે ૧૦ થી ૫ દરમ્યાન તેમના હિસાબો જિલ્લાની એકાઉન્ટીંગ ટીમ સમક્ષ રજુ કરવાના રહેશે. આ હિસાબ જિલ્લા પંચાયત ખાતેના સરદાર હોલ ખાતે ચકાસવામાં આવશે.

હિસાબોની ચકાસણી દરમ્યાન ખર્ચ નીરીક્ષકો પણ હાજર રહેશે તેમ જાણવા મળેલ છે. ગાંધીનગર બેઠક માટે પંચે બે ખર્ચ નીરીક્ષકોની નિમણુંક કરી છે તેઓ ગાંધીનગર આવી પહોંચ્યા છે અને તેમણે ખર્ચ નિયંત્રણને લઈ તેમની કામગીરીનો આરંભ કરી દીધો હોવાનું પણ જાણવા મળેલ છે.

ખર્ચ નીરીક્ષક તરીકે નિમાયેલા બન્ને ઉચ્ચ અધિકારીઓ આઈ.આર.એસ. કેડરના અધિકારીઓ છે.

લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારના ખર્ચની મર્યાદા રૂ. ૭૦ લાખ નિયત કરવામાં આવેલ છે. આ માટે વિવિધ ખર્ચને લઈ તંત્રએ એક શેડો રજીસ્ટર પણ તૈયાર કર્યુ છે. તંત્રએ ઉમેદવારોને ખર્ચ રજીસ્ટર કેવી રીતે નિભાવવુ તે અંગેની ખાસ તાલિમ પણ આપી હતી જે નોંધનીય છે.

## મતદાન મથકમાં મતદાનના દિવસે સવારે ૫.૩૦ વાગે મોકપોલ થશે

લોકસભાની ચૂંટણીનું મતદાન શરૂ થતાં પહેલાં સવારે ૫.૩૦ વાગે મોકપોલ કરી અને ઈ.વી.એમ.ની ચકાસણી કરાશે.

મતદાન દિવસે તેના આરંભ પૂર્વે ઈ.વી.એમ.ની ચકાસણી માટે રાજકીય પક્ષોના એજન્ટોની હાજરીમાં આ મોકપોલ થતુ હોય છે. આ પછી તે મત ડિલીટ કરી દેવામાં આવતા હોય છે. મતદાનના કલાક પહેલાં આ કાર્યવાહી થતી હતી.

ચૂંટણી પંચે આપેલી એક સૂચનામાં મતદાનના ૧॥ કલાક પહેલાં આ મોકપોલ કરવાની સૂચના આપવામાં આવી છે. સવારે ૭ વાગે મતદાન શરૂ થવાનું હોવાથી સવારે ૫.૩૦ વાગે આ મોકપોલ હાથ ધરવામાં આવશે.

## ધડામ... કરતા સોફો તૂટ્યો, ધાનાણી સહિત ત્રણ કોંગી નેતાઓ બચ્યા

ગાંધીનગર,તા.૧૦

વિપક્ષના નેતા પરેશ ધાનાણી સુરતના યોગીચોક ખાતે વિજય વિશ્વાસ સંમેલનમાં ભાગ લેવા પહોંચ્યા હતા. આ પ્રસંગમાં પરેશ ધાનાણી સહિત ત્રણ નેતાઓ પણ હાજર હતા, ત્યારે ત્રણેય નેતાઓ કાર્યક્રમ દરમિયાન એક સોફા પર બેઠા હતા. તે દરમિયાન ત્રણેય નેતાઓ જે સોફા પર બેઠા હતા તે તૂટી ગયો હતો. આ ઘટના અહીં હાજર ફોટો અને વીડિયો ગ્રાફરોએ પોતાના કેમેરામાં કેદ કરી લીધી હતી.

વિપક્ષના નેતા પરેશ ધાનાણી સાથે કોંગ્રેસના ધારાસભ્ય અમરીશ ડેર અને ખેડૂત આગેવાન કનુભાઈ કળસરિયા સુરતના આ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા હતા, ત્યારે તેઓ એક સોફામાં બેઠા હતા. એવું કહેવાય છે કે સોફા પર વજન વધી જવાના કારણે પરેશ ધાણાની સહિત ત્રણેય નેતાઓ નીચે પડતા બચ્યા હતા. જો કે તેઓના ફોટા કેમેરામાં કેદ થઈ ગયા હતા.

આ ઘટના બન્યા બાદ કાર્યક્રમમાં મૂકાયેલા સોફાને તાત્કાલિક ખસેડી લેવામાં આવ્યો હતો.

## શહેરમાં સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર કામે લાગ્યુ : ટ્રીમીંગ પણ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧૦

શહેરમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. શહેરમાં હરિયાળી વનરાજી વચ્ચે સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. વનતંત્ર દ્વારા અગાઉ પણ ભયજનક વૃક્ષો દુર કરાયા હતા. જયારે વરસાદી દિવસો પુર્વે સેકટરોમાં પણ ભયજનક વૃક્ષો દુર કરવાની સાથે તંત્રએ ટ્રીમીંગની કામગીરી શરૂ કરી દીધી છે.



શહેરમાં સુકાયેલા વૃક્ષોની સંખ્યા હજુ પણ વધુ છે. જયારે વરસાદી દિવસોમાં સુકાયેલા વૃક્ષો ગમે ત્યોર જમીનદોસ્ત થતા જોખમી પુરવાર થાય છે જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા સેકટરોમાં સુકાયેલા વૃક્ષો દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ તંત્ર દ્વારા ૩૦૦ જેટલા સુકાયેલા ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવી હતી. જયારે હજુ પણ શહેરમાં સુકાયેલા વૃક્ષો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી ફરિયાદો ઉઠતી રહે છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા તબક્કાવાર વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. આગામી વરસાદી દિવસોને અનુલક્ષી તંત્ર દ્વારા શહેરમાં નવા રોપાઓની વાવણી માટે પણ આયોજન કરી દેવાયુ છે.જયારે વરસાદી દિવસોની શરૂઆત થતા જ નગરના મુખ્યમાર્ગોની આસપાસ તેમજ અન્ય વનઆરક્ષિત વિસ્તારમાં ખાલી જગ્યાએ નવા રોપાઓની વાવણી કરી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

## અમૂલે દૂધના ભાવમાં વધારો કરતા પશુપાલકોને ફાયદો

ગાંધીનગર,તા.૧૦

ચરોતરના પશુપાલકો માટે હાલ ખુશીના સમાચાર સામે આવી રહ્યા છે. તો શહેરીજનો માટે મોંઘવારીમાં વધુ એક પાટૂ મારતો નિર્ણય અમૂલે લીધો છે. તમને જણાવી દઈએ કે, ચરોતર સહિત ઉ.ગુજરાતમાં સૌથી વધુ લોકો પશુપાલન કરીને પોતાનું ગુજરાન ચલાવે છે, ત્યારે દૂધમાં ભાવવધારો કરી અમૂલે ખેડૂતોના ચહેરા પર એક નાની સરખી મુસ્કાન લાવવાનો પ્રયત્ન કર્યો છે.

હાલ મળતી માહિતી અનુસાર, અમૂલે દૂધના ભાવમાં વધારો કર્યો છે. ભેંસના દૂધમાં પ્રતિકિલો ફેટે ૨૦નો વધારો, જ્યારે ગાયના દૂધમાં પ્રતિકિલો ફેટે રૂપિયા ૯.૩૦નો વધારો કરતા લોકોમાં અનેરી ખુશીનો માહોલ દેખાઈ રહ્યો છે. અમૂલે કરેલો દૂધમાં વધારો આજથી અમલી બનશે.

અગાઉ ભેંસના દૂધના પ્રતિકિલો ફેટ ૫૯૦ રૂપિયા ચૂકવાતા હતા, જે હવેથી પશુપાલકોને ૬૧૦ રૂપિયા ચૂકવવામાં આવશે, તેવી રીતે ગાયના દૂધમાં પ્રતિકિલો ફેટે રૂપિયા ૨૬૮ અપાતા હતા, જે હવે વધીને ૨૭૭.૩૦ રૂપિયા આપવામાં આવશે.

## ૨૦૦ સિંહોની સુરક્ષા માટે ૧૦૦૦ કુવા અપગ્રેડ કરાશે

ગાંધીનગર, તા.૧૦

ગીર અભ્યારણ્યથી બહાર વિચરી રહેલા સિંહોની સુરક્ષાર્થે તાજેતરમાં શેત્રુંજી વન્ય જીવ વિભાગની રચના કરવામાં આવી હતી. આ વિભાગ તળે મુક્તપણે વિહાર કરી રહેલા ૨૦૦ સિંહોની પાણીની શોધમાં ખુલ્લા કુવામાં ખાબકે નહીં તેના માટે તંત્ર દ્વારા ૭ રેન્જના ૪૦૦થી વધુ ગામોમાં આવેલા ૧૦૦૦ ખુલ્લા કુવાને પેરાપેટથી બાંધવામાં આવશે. શેત્રુંજી વન્ય જીવ વિભાગ તળે ૪૦ બીટ, ૨૪ રાઉન્ડ, ૭ રેન્જનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાલિતાણા, તળાજા, મહુવા, જેસર, રાજુલા, જાફરાબાદ, લીલીયાના ૪૦૦થી વધુ ગામો તેમાં આવેલા છે. શેત્રુંજી વિભાગના સિંહો પાણીની શોધમાં નીકળે છે, અને વાડી, ખેતર વિસ્તારોમાં આવેલા ખુલ્લા કુવામાં પાણી પીવા આવી શકે અને તેમાં ગબડી પડવાથી તેઓના મોત પણ થઈ શકે. શેત્રુંજી વિભાગ તળેના ૨૦૦ સિંહોને શરૂઆતથી જ સુરક્ષાના પ્રબંધ વ્યવસ્થિત થઈ શકે તેના માટે સરકારી તંત્ર ગંભીરતાથી આગળ વધી રહ્યું છે. શેત્રુંજી વન્ય જીવ વિભાગની ૭ રેન્જના ૪૦૦થી વધુ ગામોમાં આવેલા ૧૦૦૦ ખુલ્લા કુવાને પેરાપેટ બનાવવા માટે ૧.૬૦ કરોડ રૂપિયાની પણ ફાળવણી કરવામાં આવી છે. ઉપરાંત ૭ રેન્જ તળે સિંહો પર નજર રાખવા અને સુરક્ષા પ્રદાન કરવા માટે ડ્રોન કેમેરાની પણ મદદ લેવામાં આવશે.

## રાજ્યનું બીજું ઈસ્કોન મંદિર તૈયાર

ગાંધીનગર,તા.૧૦

રાજકોટના કાલાવડ રોડ પર આગામી તા. ૧૪ એપ્રિલને રવિવારે ગુજરાતના બીજા નંબરનાં ભવ્ય ઈસ્કોન મંદિર રાધાનીલ માધવ ધામનું મુખ્યમંત્રીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. આશરે ૫૧ કરોડના ખર્ચે ૩૦૦૦૦ ચો.ફૂટ બાંધકામથી બનેલા આ ભવ્યાતિભવ્ય મંદિરમાં રાધાનીલમાધવજી, જગન્નાથ બલદેવ સુભદ્રાજી, સીતારામ લક્ષ્મણ હનુમાનજી, પ્રહલાદ નરસિંહ ભગવાન અને ગૌર નિતાઈ તેમજ પ્રભુપાદજી બિરાજશે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com